# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 04-06-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ રાજ્યના 26 મતગણતરી કેન્દ્રો પર આજે લોકસભા સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટા ચૂંટણીઓની મતગણતરી હાથ ધરાશે.
- ✓ ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ ગઇકાલે કોલેરાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ અધિકારીઓ સાથે બેઠક યોજી સ્થિતિની સમીક્ષા કરી.
- ✓ રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને કારણે કૃષિને થયેલા નુકસાનની સર્વેની કામગીરી પૂર્ણ.. અસરગ્રસ્ત ખેડૂતોને 27 કરોડથી વધુની સહાય ચૂકવાશે..
- ✓ . .
  .
- ✓ રાજ્યના આર્યન શાહે જમૈકા ખાતે આયોજિત ITF ટેનિસ ટૂર્નામેન્ટમાં સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે.

## LOKSABHA COUNTING

લોકસભા સામાન્ય ચૂંટણી તથા રાજ્ય વિધાનસભાની પેટા ચૂંટણીઓ સંદર્ભે રાજ્યના 26 મતગણતરી કેન્દ્રો પર આજે મતગણતરી હાથ ધરાશે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મતગણતરીની સમગ્ર પ્રક્રિયાના સુચારૂ સંચાલન માટે તમામ તૈયારીઓ કરાઈ છે.

આ અંગે વધુ માહિતી આપતા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ – પી. ભારતી)

સૌ પ્રથમ પોસ્ટલ બેલેટ મતોની ગણતરી કરાશે. ત્યારબાદ ઇવીએમ મતોની ગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે આ ચૂંટણીમાં રાજ્યમાં 2.88 કરોડ લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તથા હાલ 266 ઉમેદવારો ચૂંટણી જંગમાં ઝુકાવ્યું હતું. રાજ્ય સહિત દેશભરમાં યોજાયેલી લોકસભા ચૂંટણી ઉપરાંત આંધ્રપ્રદેશ અને ઓડિશા વિધાનસભા તથા ગુજરાતના પાંચ વિધાનસભા બેઠકો સહિત અન્ય રાજ્યો માં યોજાયેલી પેટાચૂંટણીઓની મતગણતરી પણ જે હાથ ધરાશે.

ચૂંટણીના પરિણામ ચૂંટણીપંચની વેબસાઈટ results.eci.gov.in તથા voter helpline app પર જાણી શકાશે.

ઉલ્લેખનીય છે કે, ભારતે આ લોકસભા ચૂંટણીમાં 64.2 કરોડ મતદારોની ભાગીદારી સાથે વિશ્વ વિક્રમ સર્જાયો છે.

.................

## Counting 2

રાજ્યભરના 26 મતગણતરી કેન્દ્રો પર લોકસભા સાથે રાજ્ય વિધાનસભાની યોજાયેલી પેટાચૂંટણીની મતગણતરી હાથ ધરાશે.

જે અંતર્ગત અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ સાત વિધાનસભા વિસ્તારોના કુલ એક હજાર 517 મતદાન મથકો પર યોજાયેલા મતદાનની મતગણતરી ગુજરાત કોલેજ ખાતે થશે.

જ્યારે અમદાવાદ પૂર્વ બેઠકના સાત વિધાનસભા વિસ્તારોની મતગણતરી એલ.ટી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે યોજાશે.

મતગણતરી નિરીક્ષક અશોકકુમાર દાસે ગઇકાલે મતગણતરી કેન્દ્રોની મુલાકાત લઈ સમીક્ષા બેઠક યોજી માર્ગદર્શન આપ્યું હતું.

ગાંધીનગર લોકસભા બેઠકની મતગણતરી 142 રાઉન્ડમાં કરાશે. રાજકોટ લોકસભા બેઠકની મતગણતરી કણકોટની સરકારી ઇજનેર કોલેજ ખાતે થશે. બારડોલી લોકસભા બેઠકની મતગણતરી પ્રક્રિયા સોનગઢ ખાતે થશે. તો વડોદરા લોકસભા અને વિધાનસભા બેઠકની મતગણતરી 19 રાઉન્ડમાં હાથ ધરાશે.

.................

## એક અગત્યની જાહેરાત

લોકસભાની 25 અને રાજ્ય વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની ચૂંટણીની આજે મતગણતરી હોવાથી આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા કાયમી બુલેટીન ઉપરાંત વધારાના પાંચ પાંચ મિનિટના બુલેટીન પ્રસારિત કરવામાં આવશે જેમાં સવારે નવ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી દર કલાકે 5-5 મિનીટના સમાચારો પ્રસારિત કરવામાં આવશે.

.................

## Colera

કોલેરાને નાથવા ગાંધીનગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને ગઇકાલે આરોગ્ય ટીમ તથા સંબંધિત અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ ગઇકાલે દહેગામના કોલેરાગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ સ્થાનિક તંત્રના અધિકારીઓ સાથેની બેઠકમાં સ્થિતિની સમીક્ષા કરી હતી.

તેમણે દહેગામ શહેરી વિસ્તારનો આજે સાંજ સુધીમાં સર્વે પૂર્ણ કરવા જણાવ્યું હતું. ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીએ કોલેરાને નાથવા માટેની કાર્યવાહી સધન ઝુંબેશ રૂપે કરવા માટે અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

દરમિયાન ગાંધીનગર જિલ્લાના દહેગામમાં ગઈકાલે કોલેરાના 30 અને મહાનગરપાલિકામાં બે મળી કુલ- 32 કેસો નોંધાયા જ્યારે ગાંધીનગર અને કલોલ તાલુકામાં એકપણ કોલેરાના કેસ નોંધાયો ન હતો. જિલ્લામાં અત્યાર સુધી કોલેરાના કુલ 98 કેસો નોંધાયા છે. જેમાં 36 દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.

ગાંધીનગરમાં કોલેરાને નાથવા માટે દહેગામ, કલોલ, ગાંધીનગર અને મહાનગરપાલિકા વિસ્તારમાં 173 ટીમો કાર્યરત કરવામાં આવી છે. જેમાં 405 પેરામેડિકલ સ્ટાફ કાર્યરત છે. કુલ 16 હજાર 315 ઘરોનો સર્વે કરવામાં આવ્યો છે. આ સર્વે દરમ્યાન 69 હજાર 17 વ્યક્તિઓને આવરી લેવામાં આવ્યા છે. એક હજાર 268 રેસીડયુઅલ કલોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ  અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

.................

## PAK NUKSAN SURVEY

રાજ્યમાં પડેલા કમોસમી વરસાદને કારણે થયેલ પાક નુકસાનીનો સર્વે પૂર્ણ કરાયો છે.

રાજ્યમાં 13 મે થી 18 મે દરમિયાન થયેલા કમોસમી વરસાદને કારણે સુરત, નર્મદા અને વલસાડ જિલ્લામાં તેમજ મધ્ય ગુજરાત ઉત્તર ગુજરાતમાં ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક નુકસાન થયું હતું.. અસરગ્રસ્ત વિસ્તારોમાં વિગતવાર સર્વે કરવાની જિલ્લા કલેકટર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ સર્વે પૂર્ણ થયો છે અને તેનો વિગતવાર અહેવાલ કૃષિ વિભાગને સોંપવામાં આવ્યો છે. કૃષિ વિભાગના સર્વે પ્રમાણે રાજ્યમાં અંદાજિત 16 હજાર 177 હેક્ટર વિસ્તાર કમોસમી વરસાદને કારણે અસરગ્રસ્ત થયો છે. રાજ્યના 7 જિલ્લાના 10 હજાર 943 ખેડૂતોને કમોસમી વરસાદથી નુકસાન થયું છે.

અંદાજે 27 કરોડ 50 લાખથી વધુની સહાય ખેડૂતોને આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા ચૂકવવાની કાર્યવાહી હાથ ધરાશે. જેમાં વર્ષાયું બાગાયતી પાકોને 17 હજાર પ્રતિ હેકટર અને ભુવર્ષાયું બાગાયતી પાકોને પ્રતિ હેકટર 22 હજાર 500 રૂપિયાની સહાય ચૂકવવામાં આવશે.

.................

## GUJ. Environment Day

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રાજ્યના સાત મુખ્ય એસ.ટી. ડેપો ખાતે પ્લાસ્ટીકની બોટલોનું નાશ કરતું મશીન મૂકવામાં આવશે.

આ ઉપરાંત રાજ્યના 10 જેટલા ધાર્મિક સ્થળો પર પ્રસાદ મૂકવા માટેની કાપડની થેલીઓનું મશીન મુકાશે.

આકાશવાણી સાથે વાત કરતાં બોર્ડના ચેરમેન આર. બી. બારડે જણાવ્યું કે, પ્લાસ્ટીક કચરાનું યોગ્ય રીતે વ્યવસ્થાપન થાય તે માટે સી.એસ. આર હેઠળ ખાનગી ભાગીદારીથી આ પહેલ હાથ ધરવામાં આવી છે.

તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ-આર.બી. બારડ)

.................

## mission life environment day

મિશન લાઈફ – લાઈફ સ્ટાઈલ ફોર એન્વારમેન્ટ'ના સંદેશ સાથે ગીર ફાઉન્ડેશન દ્વારા સામૂહિક ચળવળ શરૂ કરાઈ છે.

આ વર્ષે પર્યાવરણ સાથે તાદામ્ય જાળવતી જીવનશૈલીને અપનાવવા માટે વ્યક્તિગત અને સમાજનું ધ્યાન આકર્ષિત કરવા ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ ની ઉજવણીના ભાગરૂપે આ  પહેલ શરૂ કરવામાં આવી છે .જે આવતીકાલ  ૫ જૂન  સુધી ચાલશે. જેમાં  અલગ-અલગ પર્યાવણીય પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

બીજી તરફ ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન ૧ થી ૩૦ જૂન સુધી હાથ  ધરવામાં આવશે. જે અંતર્ગત ઈ-વેસ્ટનું યોગ્ય વળતર પણ ચૂકવવામાં આવશે.

.................

## ITF

રાજ્યના આર્યન શાહે જમૈકા ખાતે આયોજિત ITF ટેનિસ ટૂર્નામેન્ટમાં સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે.

આ સાથે આર્યન પ્રોફેશનલ ટેનિસ ખિતાબ જીતનાર પ્રથમ ગુજરાતી ખેલાડી બન્યો છે. આર્યને ક્વાર્ટર ફાયનલમાં વેન આર્ડલેઇનને 6-1, 6-1 થી સેમિફાઇનલમાં

જાપાનના આગુરાને 6-4, 6-2 થી હરાવી ફાયનલમાં પ્રવેશ કર્યો હતો. ફાયનલમાં આર્યને કેનેડાના માર્ટિનને 6-2, 6-2 થી હરાવી ખિતાબ પોતાના નામે કર્યો હતો.

.................

## GPSC

ગુજરાત જાહેર સેવા આયોગે ગુજરાત વહીવટી સેવા, વર્ગ-1, ગુજરાત જાહેર સેવા, વર્ગ 1 અને 2 તથા ગુજરાત રાજ્ય મ્યુનિસિપલ મુખ્ય અધિકારીઓની સેવા, વર્ગ-2ની સંયુક્ત સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષાનુ પરિણામ જાહેર કર્યું છે.

કુલ 9 હજાર 951 ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં બેસવા માટે લાયક જાહેર કરવામાં આવે છે. બે ઉમેદવારોના પરિણામ રદ કરવામાં આવ્યા છે . ઉલ્લેખનીય છે કે આ પ્રાથમિક પરીક્ષા ગત 7 જાન્યુઆરીના રોજ લેવામાં આવી હતી. ઉમેદવારોએ મેળવેલ ગુણ આવતીકાલે સાંજે 4 વાગ્યાથી https://gpsc.gujarat.gov.in વેબસાઇટ પર દર્શાવવામાં આવશે.

.................

## World Club Foot Day

વર્લ્ડ ક્લબ ફૂટ ડે ની ઉજવણીના ભાગરૂપે RBSK કાર્યક્રમ અંતર્ગત DEIC સિવિલ હોસ્પિટલ ગોધરા ખાતે ક્લબ ફૂટ એટલે કે વાંકા પગની જન્મજાત ખોડખાંપણ અંગેનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓ દ્વારા માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.તમામ લાભાર્થી બાળકોને સંસ્થા દ્વારા ભેટ અને અલ્પાહાર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

.................

## Ambaji

યાત્રિકોની આરોગ્ય સુખાકારીને ધ્યાને લેતા અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ગબ્બર ખાતે પ્રાથમિક સારવાર કેન્દ્ર ખુલ્લું મુકવામાં આવ્યું છે.

ગબ્બર આવેલા યાત્રિકોને તાત્કાલિક સારવાર મળી રહે તેવા હેતુસર ગબ્બરમાં આ પ્રાથમિક સારવાર કેન્દ્ર ની શરૂઆત કરવામાં આવી છે .અત્રે ઉલ્લેખનીય છે કે

ગબ્બર પરિક્રમા 2 થી 2.5 કિલોમીટ લાંબી છે. અત્યાર સુધીમાં ગબ્બરમા આરોગ્ય સેવા ઉપલબ્ધ ન હતી .તેવામાં પ્રાથમિક સારવારની સેવા ઉપલબ્ધ થતા અંહી આવતા દર્શનાર્થીઓને આનો લાભ મળશે.

.................